■ RNI Number GUJGUJ/2021/84900 ■ Web Site: https://citycoverage.in ■ Mobile Number: 63524 80056
RNI Tital Code GUJGUJ17738

# સિટી કવરેજ

જૂનાગઢ શનિવાર, 4 મે, 2024 DIGITAL NEWSLETTER Email : citycoverage.jnd@gmail.com

# આલ્ફા વિદ્યા સંકુલની ગર્લ્સ યુનિટ ને લાગ્યા તાળા ?

# 5 કરોડ ?

## 60 દિવસમાં જમા કરાવવા નોટિસ

# HDFC બેંકે મારી સીલ

# ▪ વિદ્યાર્થીઓનો ભવિષ્ય અંધકારમાં ▪ વાલીઓ હેરાન થશે

સુરેશ ત્રિવેદી
citycoverage.in

જૂનાગઢની વડાલ સ્થિત આલ્ફા વિદ્યા સંકુલની ગર્લ્સ યુનિટ ઉપર દેણું થઇ જતા ગત 28 તારીખે HDFC બેંકે સીલ મારીને આજના સમાચાર પત્રમાં કબ્જા નોટીસ પ્રકાશિત કર્યો છે.

ગત કેટલાક વર્ષો થી આલ્ફા વિદ્યા સંકુલની ખરાબ આર્થિક હાલતના સમાચાર સંભાળવા મળતા હતા. છતાં જીગ્નેશ નકુમ અને મહેશ મુંજાપરા ગત 3-4 વર્ષમાં પૈસા આપીને ખરીદેલા એવાર્ડ થી વાલીયો ને ખોટી રીતે પ્રભાવિત કરી ને જૂનાગઢમાં વિદ્યા સંકુલ ચલાવતા હતા. જેમાં આલ્ફા વિદ્યા સંકુલ [ગર્લ્સ યુનિટ] ની હાલત દિવસે ન દિવસે ખરાબ થતી જાય છે. અને મહેશ મુંજાપરા અને જીગ્નેશ નકુમ ઉપર 5 કરોડ થી વધારે દેણું થઇ ગયો છે કે લોન લીધેલી HDFC બેંક ને તાળા મારવાની નોબત આવી ગઈ છે. મળેલી વિગત મુજબ આલ્ફા વિદ્યા સંકુલની ગર્લ્સ યુનિટના અમુક રૂમ NEET પરીક્ષા ને લીધે બાકી રાખી ને બાકીના રૂમ ઉપર સીલ મારવામાં આવી છે.

એક સમય જીગ્નેશ નકુમ અને મહેશ મુંજાપરા શૈક્ષણિક સંકુલ ધરાવતા મોટું નામ હતો અને જૂનાગઢમાં ત્રણ સંકુલનો સંચાલન કરતા હતા અને એના જોરે પૈસા આપીને ખુબ મોટા મોટા એવાર્ડ પણ લીધેલા હતા. અને વાલીઓ ને પ્રભાવિત કરવા ગેર માર્ગે દોરતા હતા. પણ અંદરો અંદર સંકુલની સ્થિતિ બગડતા વાર નહીં લાગી અને સંકુલ ત્રણ ભાગમાં છુટા પડી ગયા. જેમાં 2022-23માં આલ્ફા વિદ્યા સંકુલની ગર્લ્સ યુનિટની પેઢી મહેશ મુંજપરાના ભાગમાં ગઈ હતી. ત્યાં પણ દેખાવા ખાતર મહેશ મુંજપરા ખુબ એવાર્ડ ભેગા કર્યા.

મળેલી અપુષ્ટ વિગત પ્રમાણે હાલત એવી છે કે સ્ટાફનો પણ ખુબ પગાર બાકી છે અને દર વર્ષે બિલની બાકી રકમના લીધે લાઈટ કનેક્શન પણ કપાઈ જાય છે. જોકે સિટી કવરેજ આ બાબતમાં મહેશ મુંજાપરા સાથે મોબાઈલ ઉપર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પણ સંપર્ક થયો નથી, કેમકે મહેશ મુંજાપરા ફોન ઉપાડ્યો નથી નહીં કોલ બેક કર્યું.

**HDFC બેંક તરફ થી પ્રકાશિત નોટીસમાં**

(૧) આલ્ફા ગ્રુપ અને જામીનદારો,
(૨) મહેશભાઈ કલ્યાણજીભાઈ મુંજાપરા (ભાગીદાર અને જામીનદાર પણ)
(૩) શ્રીમતી વ્રજેતાબેન મહેશભાઈ મુંજાપરા (ભાગીદાર પણ),
(૪) જીગ્નેશભાઈ રાજાભાઈ નકુમ (ભાગીદાર પણ)
(૫) શ્રીમતી હીનાબેન જીગ્નેશભાઈ નકુમ (ભાગીદાર પણ)
(૬) જયેશભાઈ માધવદાસ લાલવાણી,
(૭) અતુલકુમાર લક્ષ્મણભાઈ વઘાસીયા
(૮) અશોકભાઈ કલ્યાણજીભાઈ મુંજાપરા,
(૯) પિયુષકુમાર જમનાદાસ સાવલીયા ને ડિમાન્ડ નોટિસ મોકલી હતી કે નોટિસમાં જણાવેલ રકમ રૂ.૫,૦૦,૧૨,૯૪૮.૧૬/- (અંકે રૂપિયા પાંચ કરોડ બાર હજાર નવસો અડતાલીસ અને સોળ પૈસા પૂરા) તા.૩૦/૦૯/૨૦૨૩ મુજબ તેમજ ૦૧.૧૦.૨૦૨૩ થી તેના પર ભાવિ વ્યાજ સાથે આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરી જવા જણાવેલ.

બેંકે સ્થાવર મિલકતોની તરીકે

[૧] ક્ષેત્રફળ ૬૩-૭૫ ચોરસ મીટરની જમીન પર રહેણાંક મકાન ઉત્તર બાજુના પ્લોટ નંબરઃ ૧૯ (પી) પર આવેલ જે "રિદ્ધિ પાર્ક-૧' નામના વિસ્તારમાં આવેલ જૂનાગઢ આર.એસ. નં.:-૧૨૨/૩/૨કે(પી), જૂનાગઢ ખાતે સ્થિત છે. મહેશ કલ્યાણજીભાઈ મુંજપરાની માલિકીની છે અને ચતુર્સીમાઓ મિલકતની નીચે મુજબ છે. ઉત્તર - પ્લોટ નંબર ૧૮, દક્ષિણ - પ્લોટ નંબર ૧૯/પી, પૂર્વ-પ્લોટ નંબર ૧૪, પશ્ચિમ - ૬.૦૦ મીટર પહોળો રોડ અને [2] આ ક્ષેત્રફળ ૪૩૫૦-૦૦ ચો. મી.ની જમીન પર આવેલું શૈક્ષણિક બિલ્ડીંગ વડાલ ખાતે આવેલ આર.એસ. નં. :- ૧૯૫/૨/૩ (પી), તાલુકો જિલ્લો જૂનાગઢ મેસર્સ આલ્ફા ગ્રુપની ભાગીદારી પેઢીની માલિકીની છે અને મિલકતની ચતુર્સીમાઓ નીચે નીચે મુજબ છે. (અમે ગ્રાઉન્ડ ફ્લોરની ૨ ઓફિસ, રૂમ નં. જી-૧ થી જી-૨૮, એ-૨૧, એ-૨૩, બી-૨૩ અને સી-૨૩ સિવાયના સમગ્ર બિલ્ડિંગનો કબજો લઈ લીધો છે). ઉત્તર- આર.એસ. નં.૧૬૫/૨પી/પી-૩ પછી જૂનાગઢ રાજકોટ હાઈવે, દક્ષિણ - આર.એસ. નં. ૧૯૫/૨પી અને ૧૯૫/૨પી/પી-૩, પૂર્વ - આર.એસ. નં.૧૬૫/૨પી,પશ્ચિમ-આંતરિક રોડ ની ઉલ્લેખ પણ કર્યો છે.

HDFC BANK
We understand your world

મુખ્ય ઓફિસઃ એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ(વેસ્ટ) મુંબઈ- ૪૦૦ ૦૧૩
શાખા ઓફિસ : એચડીએફસી બેંક લિ., ત્રીજા માળે, શીવાલિક-૩, ડ્રાઈવ ઈન સિનેમા પાસે, અમદાવાદ-૩૮૦૦૫૪

**કબજા નોટિસ (સ્થાવર અને જંગમ મિલકત માટે) [નિયમ ૮(૧)]**

આથી, નીચે સહી કરનારે એચડીએફસી બેંક લિમિટેડ, રજીસ્ટર્ડ ઓફિસ : બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ(વેસ્ટ) મુંબઈ- ૪૦૦ ૦૧૩ અને ઓફિસ/રીજનલ ઓફિસ : ત્રીજા માળે, શીવાલિક-૩, ડ્રાઈવ ઈન સિનેમા પાસે, ડ્રાઈવ ઈન રોડ, બોડકદેવ, અમદાવાદ ના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સેક્શન ૧૩(૧૨)ને નિયમ ૩ સાથે વાંચતા ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના હેઠળ મળેલ સત્તાની રૂએ ૧૨/૧૦/૨૦૨૩ ના રોજ દેણદાર **(૧) આલ્ફા ગ્રુપ અને જામીનદારો (૨) શ્રી મહેશભાઈ કલ્યાણજીભાઈ મુંજાપરા (ભાગીદાર અને જામીનદાર પણ), (૩) શ્રીમતી વ્રજેતાબેન મહેશભાઈ મુંજાપરા (ભાગીદાર પણ), (૪) શ્રી જીગ્નેશભાઈ રાજાભાઈ નકુમ (ભાગીદાર પણ), (૫) શ્રીમતી હીનાબેન જીગ્નેશભાઈ નકુમ (ભાગીદાર પણ), (૬) શ્રી જયેશભાઈ માધવદાસ લાલવાણી, (૭) શ્રી અતુલકુમાર લક્ષ્મણભાઈ વઘાસીયા, (૮) શ્રી અશોકભાઈ કલ્યાણજીભાઈ મુંજાપરા, (૯) શ્રી પિયુષકુમાર જમનાદાસ સાવલીયા** ને ડિમાન્ડ નોટિસ મોકલી હતી કે નોટિસમાં જણાવેલ રકમ **રૂ.૫,૦૦,૧૨,૯૪૮.૧૬/- (અંકે રૂપિયા પાંચ કરોડ બાર હજાર નવસો અડતાલીસ અને સોળ પૈસા પૂરા)** તા.૩૦/૦૯/૨૦૨૩ મુજબ તેમજ ૦૧.૧૦.૨૦૨૩ થી તેના પર ભાવિ વ્યાજ સાથે આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરી જવા જણાવેલ.

**સમાચાર પત્રોમાં પ્રકાશિત નોટિસ**

દેણદાર, [illegible] મૃતક (જો કોઈ [illegible]ના કિસ્સામાં કાનૂની [illegible] રકમ [illegible]યા [illegible]દાર, [illegible]દારો, ગીરવેદારો ખાસ કરીને મૃતક (જો કોઈ હોય તો)ના કિસ્સામાં કાનૂની વારસદારો અને જાહેર જનતાને આ નોટિસથી જણાવવામાં આવે છે કે અમો નીચે સહી કરનારે નીચે વર્ણન કરેલ મિલકતનો **કબજો** સદર કાયદાના સેક્શન ૧૩(૪) સાથે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૮ સાથે વાંચીને લેતાં મળેલ સત્તાની [illegible] છે.

દેણદાર, જામીનદારો, ગીરવેદારો ખાસ કરીને મૃતક (જો કોઈ હોય તો)ના કિસ્સામાં કાનૂની વારસદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને નીચે જણાવેલ મિલકત સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને સંપત્તિ સંદર્ભે કોઈપણ વ્યવહાર એચડીએફસી બેંક લિ.નો લેણી રકમ મુજબ તેના પરના વ્યાજ અને ખર્ચ સહિત બેંક ના ચાર્જમાં ગણાશે.

દેણદાર, જામીનદારો, ગીરવેદારો મૃતક (જો કોઈ હોય તો)ના કિસ્સામાં કાનૂની વારસદારનું ધ્યાન સિક્યોર્ડ અસ્ક્યામતો છોડાવવાની ઉપલબ્ધ સમયમર્યાદા અંગે કાયદાની કલમ સેક્શન ૧૩ના પેટા-કલમ(૮) જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.



**સ્થાવર મિલકતોની વિગત**

૧. ક્ષેત્રફળ ૬૩-૭૫ ચોરસ મીટરની જમીન પર રહેણાંક મકાન ઉત્તર બાજુના પ્લોટ નંબરઃ ૧૯ (પી) પર આવેલ જે "રિદ્ધિ પાર્ક-૧" નામના વિસ્તારમાં આવેલ જૂનાગઢ આર.એસ. નં.:-૧૨૨/૩/૨કે(પી), જૂનાગઢ ખાતે સ્થિત છે. શ્રી મહેશ કલ્યાણજીભાઈ મુંજપરાની માલિકીની છે અને ચતુર્સીમાઓ મિલકતની નીચે મુજબ છે. ઉત્તર – પ્લોટ નંબર ૧૮, દક્ષિણ – પ્લોટ નંબર ૧૯/પી, પૂર્વ – પ્લોટ નંબર ૧૪, પશ્ચિમ – ૬.૦૦ મીટર પહોળો રોડ
૨. આ ક્ષેત્રફળ ૪૩૫૦-૦૦ ચો. મી.ની જમીન પર આવેલું શૈક્ષણિક બિલ્ડીંગ વડાલ ખાતે આવેલ આર.એસ. નં. :- ૧૬૫/૨/૩ (પી), તાલુકો જિલ્લો જૂનાગઢ મેસર્સ આલ્ફા ગ્રુપની ભાગીદારી પેઢીની માલિકીની છે અને મિલકતની ચતુર્સીમાઓ નીચે મુજબ છે. (અમે ગ્રાઉન્ડ ફ્લોરની ૨ ઓફિસ, રૂમ નં. જી-૧ થી જી-૨૮, એ-૨૧, એ-૨૩, બી-૨૩ અને સી-૨૩ સિવાયના સમગ્ર બિલ્ડિંગનો કબજો લઈ લીધો છે).
ઉત્તર - આર.એસ. નં.૧૬૫/૨પી/પી-૩ પછી જૂનાગઢ રાજકોટ હાઈવે, દક્ષિણ - આર.એસ. નં. ૧૬૫/૨પી અને ૧૬૫/૨પી/પી-૩, પૂર્વ - આર.એસ. નં.૧૬૫/૨ પી, પશ્ચિમ - આંતરિક રોડ

નોંધ : કોઈ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે / ધ્યાનમાં લેવામાં આવશે.

**એચડીએફસી બેંક લિમિટેડ વતી**
**ડિપાર્ટમેન્ટ ફોર સ્પેશ્યલ ઓપરેશન**
**સુનિલ ભાનુશાલી**
**અધિકૃત અધિકારી**

**તારીખ : ૨૮.૦૪.૨૦૨૪**
**સ્થળ : જુનાગઢ**

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં પ્રથમ અંગદાન

# મનપાના સફાઇ કામદાર ઉર્મિલાબેન ઝાલા બ્રેઇનડેડ થતા સ્વજનો દ્વારા અંગદાનનું પ્રેરણાદાયી નિર્ણય

## લીવર તથા બંને કિડની અમદાવાદ સ્થિત CIMS હોસ્પિટલની ટીમ દ્વારા લઈ જવામાં આવેલ હતા

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

જૂનાગઢમાં આજે અંગદાનનું સત્કાર્ય થયું છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે પ્રથમ અંગદાન થયું છે. સમગ્ર વિગતો એવી છે કે , 57 વર્ષના ઉર્મિલાબેન ઝાલા જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઈ કર્મચારી તરીકે કાર્યરત હતા. તેઓને હાઈ બ્લડ પ્રેશરની તકલીફના કારણે બ્રેઈન હેમરેજ થતા જૂનાગઢ સિવિલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલ જૂનાગઢની બ્રેઈન ડેથ ડિકલેરેશન કમિટીએ ગાઈડલાઈન્સ અનુસાર તેઓને બ્રેઈન ડેડ ડિક્લેર કર્યા બાદ તેમના પુત્રએ તેઓના અંગોનું દાન કરવાની સંમતિ આપેલ હતી. સ્વજનના દ્વારા અંગદાનની સંમતિ મળતા હોસ્પિટલની ટીમે અંગોના રીટ્રાવેલની પ્રક્રિયા આરંભી. સમગ્ર પ્રક્રિયાના અંતે બે કિડની અને એક લીવરનું દાન મળ્યું



તથા બંને કોર્નિયા (આંખની કીકી)નું દાન કરવામાં આવેલ હતું. અંગદાનમાં મળેલા અંગોમાથી લીવર તથા બંને કિડની અમદાવાદ સ્થિત CIMS હોસ્પિટલનીમેડિકલ ટીમ દ્વારા લઈ જવામાં આવેલ હતા. બંને કોર્નિયા પંજુરી આઈ કલેક્શન સેન્ટર જુનાગઢ દ્વારા લઈ જવામાં આવ્યા હતા. ઓર્ગન ટ્રાન્સપોર્ટ કરવા માટે જુનાગઢ પોલીસ દ્વારા અન્ય જિલ્લા સાથે કોઓર્ડીનેશન કરી જુનાગઢ સિવિલ હોસ્પિટલ થી CIMS હોસ્પિટલ અમદાવાદ સુધી ગ્રીન કોરિડોર બનાવવામાં આવેલ હતો.

આ કામગીરીમાં મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, એડિશનલ મેડિકલ સુપ્રિટેન્મેન્ટ ડૉ. સિકોત્રા એને સ્પેશિયા વિભાગના ડૉ.હેતલ કાનાબાર ડૉ.ખુશ્બુ કોરાટ તથા સર્જરી વિભાગના ડૉ. કુલદીપ વાણવી એ જહમત ઉઠાવેલ હતી તથા હોસ્પિટલના તમામ ડોક્ટર, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફે પણ એક ટીમ તરીકે ખૂબ જ સુંદર કામગીરી કરેલ હતી.
વાલ્મિકી સમાજના પ્રમુખ દિનેશ ભાઈ ચુડાસમા વાલ્મિકી સમાજની પ્રથમ મહિલાના અંગદાનની આ ઘટના ને સમાજમાં નવીન જાગૃતિ અને ચેતના ની દ્રષ્ટીએ જોવે છે.

## ઓર્ગન ટ્રાન્સપોર્ટ કરવા માટે જૂનાગઢ પોલીસ દ્વારા અન્ય જિલ્લા સાથે કોઓર્ડીનેશન કરી જૂનાગઢ સિવિલ હોસ્પિટલ થી CIMS હોસ્પિટલ અમદાવાદ સુધી ગ્રીન કોરિડોર બનાવવામાં આવેલ હતો


CIMS
G.OT






RISE



આવો, આપણ સહુ
નિયમિત રક્તદાન
કરીને જીવનને
"ધબકતું" રાખીએ!





# જૂનાગઢ કૃષિ યુનિ.ને રીંગણ ઉપર શોધ માટે મળ્યો પેટન્ટ

સિટી કવરેજ
એક્સલુઝીવ


क्रम सं/SL No :022144149

INTELLECTUAL PROPERTY INDIA

पेटेंट कार्यालय,भारत सरकार | The Patent Office, Government Of India
पेटेंट प्रमाण पत्र | Patent Certificate
(पेटेंट नियमावली का नियम 74) | (Rule 74 of The Patents Rules)

पेटेंट सं. / Patent No. : 536789
आवेदन सं. / Application No. : 201821030394
फाइल करने की तारीख / Date of Filing : 13/08/2018
पेटेंटी / Patentee : Junagadh Agricultural University

प्रमाणित किया जाता है कि पेटेंटी को, उपरोक्त आवेदन में यथाप्रकटित *A COMPOSITION FOR MALE CONFUSING TECHNIQUE OF SHOOT AND FRUIT BORER IN BRINJAL CROP* नामक आविष्कार के लिए, पेटेंट अधिनियम, 1970 के उपबंधों के अनुसार आज तारीख अगस्त 2018 के तेरहवें दिन से बीस वर्ष की अवधि के लिए पेटेंट अनुदत्त किया गया है।

It is hereby certified that a patent has been granted to the patentee for an invention entitled *A COMPOSITION FOR MALE CONFUSING TECHNIQUE OF SHOOT AND FRUIT BORER IN BRINJAL CROP* as disclosed in the above mentioned application for the term of 20 years from the 13th day of August 2018 in accordance with the provisions of the Patents Act,1970.

अनुदान की तारीख
Date of Grant : 03/05/2024

पेटेंट नियंत्रक
Controller of Patents

टिप्पणी - इस पेटेंट के नवीकरण के लिए फीस, यदि इसे बनाए रखा जाना है, अगस्त 2020 के तेरहवें दिन को और उसके पश्चात प्रत्येक वर्ष मे उसी दिन देय होगी।
Note. - The fees for renewal of this patent, if it is to be maintained, will fall / has fallen due on 13th day of August 2020 and on the same day in every year thereafter.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ને એક શોધ માટે વધુ એક પેટન્ટ આપવામાં આવી છે. 'એ કમ્પોઝિશન ફોર મેલ કન્ફ્યુઝિંગ ટેક્નિક ઓફ શૂટ એન્ડ ફ્રુટ બોરર ઈન બ્રિંજલ ક્રોપ.' આ સોલ્યુશનનો ઉદ્દેશ રીંગણના પાકના વ્યવસ્થાપનમાં ક્રાંતિ લાવવાનો છે, જે અંકુર અને ફળ બોરર ઉપદ્રવનો સામનો કરવા માટે આશાસ્પદ નવો અભિગમ પ્રદાન કરશે.

# જૂનાગઢમાં ગોલ્ડન ફાર્મ પાર્ટી પ્લોટ ખાતે ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયો

## ભાજપને મત ન આપવાના શપથ લીધા





# ડો. સુભાષ યુનિવર્સિટી દ્વારા ઓપન મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું

## 75 થી વધારે કંપનીઓએ 2000 થી વધારે વિદ્યાર્થીઓને નોકરીની વિપુલ તકો પૂરી પાડી.

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

તારીખ 3 અને 4 મે 2024 ના રોજ ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે ભવ્યાતિભવ્ય મેગા જોબ ફેર નું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ વિભાગ દ્વારા આયોજિત આ મેગા જોબ ફેરમાં જૂનાગઢ તેમજ આસપાસના વિસ્તારોના 2000 થી વધારે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલું હતું. વિવિધ વિદ્યાશાખાના આ વિદ્યાર્થીઓને નોકરી માટેની તકો પૂરી પાડવા માટે બે દિવસ દરમિયાન 75 થી વધુ ખ્યાતનામ કંપનીઓ જેમકે સન ફાર્મા, ટોરેન્ટ પાવર, ટોરેન્ટ ગેસ, બજાજ એલિયન્સ ઈન્સ્યોરન્સ, સેરા સીરામીક, પરીન ફર્નિચર, આયુષ હોસ્પિટલ axis bank, icici bank, એચડીએફસી બેન્ક, વારી એનર્જી, કેલ્વિન પ્લાસ્ટિક, સિનોવા ગિયર્સ, એક્સપર્ટ લેબ, ગિરનાર ઈન્ડસ્ટ્રીઝ, કે જે હોસ્પિટલ, RSPL, શક્તિમાન, એકટીલિસ
વગેરે ઉપસ્થિત રહી હતી.

આ જોબ ફેરમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ દ્વારા વિનામૂલ્યે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને માહિતી મળી રહે એ માટે પ્રી -પ્લેસમેન્ટ એક્ટિવિટી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર ભરમાંથી ઉપસ્થિત વિદ્યાર્થીઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓ દ્વારા નોકરી આપવામાં આવી હતી અને ઘણા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂના આગામી રાઉન્ડ માટે શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને આર્થિક રીતે પગભર બનાવવાના હેતુથી આયોજિત આ જોબ ફેરને ભવ્ય સફળતા મળી હતી. સમગ્ર જોબ ફેરની ઈવેન્ટ ને ઉત્કુષ્ટ રીતે સફળ બનાવવા માટે સંસ્થાના ડો. સંદીપ પંચાલ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ ઓફિસર પ્રો. મિતેશ પટેલ સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. મેગા જોબ ફેની ઉત્કૃષ્ટ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, તેમજ યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ ડો. દીપક પટેલે તમામને બિરદાવ્યા હતા. સાથો સાથ જે વિદ્યાર્થીઓ આ જો ફેર થકી નોકરી મેળવવામાં સફળ રહ્યા તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને તમામ ઉમેદવારોને ઉજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.



# ડૉ. સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢ ના પ્રાધ્યાપક કૌશિકરાય પંડ્યાના પુસ્તકનું વિમોચન

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

ડૉ. સુભાષ મહિલા કોલેજના પ્રાધ્યાપક કૌશિકરાય પંડ્યાના પુસ્તક 'ગંગા લહેરી'ના ભાવનુંવાદનો વિમોચન કાર્યક્રમ તા.૨૬-૦૪-૨૦૨૪ના રોજ રાજકોટમાં રાષ્ટ્રીય શાળા ખાતે યોજાયો હતો . ઈસ.૧૯૯૨ થી સુભાષ મહિલા કોલેજમાંગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયેલા કૌશિકરાય પંડ્યા કવિ ,વિવેચક અને લેખક છે. આ પૂર્વે એમના બે પુસ્તકો પ્રગટ થયા હતા.આ વિમોચન કાર્યક્રમના આરંભે કૌશિકભાઈ પંડ્યાના મિત્ર અને સમાજશાસ્ત્રી સ્વ.ડૉ. હરેશભાઈ ઝાલાને ભાવાંજલિ અર્પવામાં આવી હતી.ત્યાર બાદ જાણીતા ભજનમર્મજ્ઞ નિરંજન રાજ્યગુરુએ એમની આગવી વાણીમાં માં કંઠસ્થ પરંપરાનો પરિચય કરાવતી રચનાઓ ગાઈને સૌને



મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે કાર્યક્રમમાં રાજકોટ શહેરમાંથી પધારેલા શિક્ષણ અને સાહિત્ય સાથે જોડાયેલા અનેક સર્જકો અને વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. લોકમર્મજ્ઞ નિરંજન રાજ્યગુરુ ઉપરાંત અભ્યાસુ સંશોધક ડૉ.દલપતભાઈ ચાવડા કવિ અમિત વ્યાસ, સનિષ્ઠ શિક્ષક અશોકભાઈ ત્રિવેદી કેળવણીકાર જીતુભાઈ ભટ્ટ, કલાનિષ્ઠ ફોટોગ્રાફર ઈશ્વરભાઈ વ્યાસ, નગીનભાઈ દવે, કવિ દિનેશ કાનાણી અને રાકેશ હાસલિયા



ઉપરાંત રાધાકૃષ્ણ મિશન સાથે જોડાયેલા અનેક સેવાભાવી કાર્યકરો અને શહેરમાંથી પધારેલા સાહિત્યની રસિકોએ આ પ્રસંગને દીપાવ્યો હતો. ગંગા લહરી પુસ્તકના વિમોચન પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતા શ્રી કૌશિકરાય પંડ્યાએ જણાવ્યું હતું કે ફેસબુક પર કવિ જગન્નાથ રચિત ગ્રંથનો ભાવાનુંવાદ ક્રમશઃ પ્રગટ થયો ત્યારે લોકોએ જે રીતે એમને પ્રોત્સાહિત કર્યો એ જોઇને આ અનુવાદ પ્રગટ કરવાની ઈચ્છા થઈ . એમણે આ પુસ્તકને પોતાનું અનુસર્જન ગણાવીને એમના મુક્ત અનુવાદો ને માટે જ નવો આયામ અખત્યાર કર્યો છે એની સ્વીકૃતિ માટે પોતાની ઝંખના વ્યક્ત કરી હતી.

સંસ્થાના આચાર્ય બલરામ ચાવડા અને સંસ્થાના વડા જવાહરભાઈ ચાવડાએ કૌશિકભાઈ પંડ્યાને શુભેચ્છા પાઠવી હતી અને સર્જનાત્મક લેખન માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ અસ્મિતાબેન ઝાલાએ કરી હતી કાર્યક્રમના અંતે ભાવ ગીતો ગાઈને કાર્યક્રમ સમાપન કર્યું હતું





ડાયરેક્ટ તમારા મોબાઈલમાં મેળવવું છે સિટી કવરેજ

લિંક પર ટચ કરીને અમારી સાથે જોડાઓ

https://chat.whatsapp.com/IGOfWm20a4zEqKr9afhtba

## તાલાલા માર્કેટીંગ યાર્ડ



**કેસર કેરીના આજના 10 કિલોના ભાવ**

ઉચા - 1300/-

સરેરાશ - 925/-

નીચા - 650/-

કુલ બોક્ષ આવક - 5420

# દામોદરકુંડ સ્થિત રાધા દામોદર મંદિરે રવિવારે છપ્પનભોગ મનોરથ

સિટી કવરેજ ટીમ ડિજિટલ

citycoverage.in



જૂનાગઢ ગિરનાર તળેટીની ગોદમાં વસેલ દામોદરકુંડ ખાતે રાધાદામોદરજી મંદિરે તા.૫ મે રવિવારના રોજ સાંજે ૭ વાગ્યે છપ્પન ભોગ મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે દામોદર કુંડ સ્થિત આવેલ રાધાદામોદરજી મંદિરે છપ્પન ભોગ મનોરથમાં શ્રધ્ધાળુ ભાવિક અને ભક્તોને મનોરથ દર્શનના અમૂલ્ય આ ધાર્મિક કાર્યનું અવસરનો લાભ લેવા રાધાદામોદરજી મંદિરના સેવકગણ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ઉપરકોટ ફરવા આવેલ અને

# 30,000 ની કિંમતની સોનાની બુટ્ટી રસ્તામાં પડી જતા નેત્રમ શાખા પોલીસ ગણતરીની કલાકોમાં શોધી આપેલ




સિટી કવરેજ ટીમ ડિજિટલ

citycoverage.in

પુનાના વતની હરીશભાઇ મગનભાઇ રાઠોડ પોતાના પરિવાર સાથે ઉપરકોટ ફરવા આવેલ હોય, હરીશભાઇ તથા તેમનો પરીવાર ઉપરકોટથી પોતાના ઘરે પરત ફરતા હોય તે દરમ્યાન તેમને માલુમ થયેલ કે તેમના પત્નીની રૂ. ૩૦,૦૦૦/- ની કિંમતની સોનાની બુટ્ટી રસ્તામાં ક્યાંક પડી ગયેલ હોય. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ & કંટ્રોલ સેન્ટર)ના પી.એસ. આઇ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય. એસ.પી. એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ & કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઇ પી.એચ. મશરૂ, પો.કોન્સ હિનાબેન વેગડા, રાહુલભાઇ મેઘનાથી, તરૂણભાઇ ડાંગર, એન્જીનિયર નિતલબેન મહેતા સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી હરીશભાઇ તથા તેમનો પરીવાર ઉપરકોટથી પરત ફરતી વખતે જે રૂટ પરથી પસાર થયેલ તે સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ CCTV ફૂટેજની મદદથી ચેક કરતા હરીશભાઇના પત્નીની રૂ. ૩૦,૦૦૦/- ની કિંમતની સોનાની બુટ્ટી ઉપરકોટના ગેટ પાસે જ્યારે હરીશભાઇના પત્ની મોબાઇલ ફોન પર વાત કરે છે ત્યારે તેમના કાનમાંથી પડતી જણાય આવેલ. ત્યારબાદ તુરંત જ એક વ્યક્તિ ત્યા ફરવા આવે છે તેમના દ્વારા તે બુટ્ટી ઉઠાવી લેવાનું CCTV માં સ્પષ્ટ નજરે પડેલ.

જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા તે અજાણ્યા વ્યક્તિને શોધી તેમનો સંપર્ક કરી પૂછપરછ કરતા તે બુટ્ટી તેમની પાસે હોવાનું જણાવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા હરીશભાઇ રાઠોડના પત્નીની રૂ. ૩૦,૦૦૦/- ની કિંમતની સોનાની બુટ્ટી શોધી રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને હરીશભાઇએ જણાવેલ કે તેમને આ બુટ્ટી પરત મળે તેવી આશા પણ ના હતી, અને આટલી ઝડપથી આ બુટ્ટી શોધી આપતા હરીશભાઇએ તથા તેમના પરીવારે જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રીજીદ્વાર હવેલીના મુખ્યાજી ભારતીય પ્રજા ને ભાજપ ને મત આપવા કરી અપીલ

સિટી કવરેજ ટીમ ડિજિટલ

citycoverage.in

જૂનાગઢ ખાતે સ્થિત શ્રીજીદ્વાર હવેલી, શ્રીવલ્લભાચાર્ય શાખા પીઠ, ઝાંઝરડા રોડ, જૂનાગઢના ગોસ્વામી 108 શ્રી નવનીતરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી તથા ગો.શ્રી અંજનરાયજી નવનીતરાયજી મહોદયશ્રીએ હિન્દુધર્મ પ્રેમી જનતા ને અપીલ કરી છે કે સનાતન હિન્દુ ધર્મ ના રક્ષક અને અયોધ્યા માં ભવ્ય રામજન્મભૂમિ મંદિર નિર્માણકર્તા અને હિન્દુ મુસ્લિમનાં ભેદભાવ વગર અનેક લોકાભિમુખ લાભકારી યોજનાઓ લાગુ કરવાવાળા એવા ભારતીય જનતા પક્ષને જ મત આપજો, અમે બધા પણ ભાજપને જ મત આપશું, કારણ કે કોંગ્રેસ વિગેરે ઈન્ડી ગઠબંધન (I.N.D.I.A) સનાતન વિરોધી છે. અને હિન્દુ વિરોધી છે. મત માટે તુષ્ટિકરણ કરે છે. અને પસ્માંદા મુસલમાનો ની ઉપેક્ષા કરે છે. તેવું પ્રખર નેતાઓના ભાષણ થી જ્ઞાત થાય છે. જે દેશ માટે હાનીકારક છે. માટે ‘સનાતન ખતરે મેં હૈ‘ તે જોતાં સમસ્ત ભારતીય પ્રજા ભાજપ ને જ મત આપે.





## 'સેલ્ફી With Blue Tick' અભિયાન

# વોટ કરો કલેક્ટર તમારી સેલ્ફી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરશે

## 'સેલ્ફી લો અને વોટ્સએપ ન. 90230 05600 પર મોકલો



સિટી કવરેજ ટીમ ડિજિટલ

citycoverage.in

જૂનાગઢ. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલ રાણાવસિયા પોતાના આધિકારિક સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી તમારી સેલ્ફી - તસવીર શેયર કરશે. આ માટે માત્ર તમારે તા.૭મી મે એ ચૂક્યા વગર ૧૫-૨૦ મિનિટનો સમય ફાળવી મતદાન કરવાનું રહેશે. કલેકટર કહે છે કે, લોકશાહીના મહાપર્વને પણ અન્ય તહેવારો- પ્રસંગોની જેમ આનંદ-ઉલ્લાસ સાથે ઉજવાય તે દેશની લોકશાહી માટે જરૂરી છે. આપણે વાર-પ્રસંગોને યાદગીરીરૂપે સાચવી રાખવા માટે તસવીરો જરૂર લેતા હોય છીએ. ત્યારે આપણા પરિવારજનો કે, મિત્ર વર્તુળ સાથે મતદાન કરી લોકશાહીના આ પર્વને પણ આપણે યાદગાર બનાવીએ.



ત્યારે આ માટે ખાસ જિલ્લા ચૂંટણી તંત્રએ સેલ્ફી With Blue Tick અભિયાન શરૂ કર્યું છે. જેમાં તા.૭મી મે એ મતદાન કરીને બ્લ્યુ ટીક દર્શાવીને સેલ્ફી-તસવીર એક વોટ્સ એપ નંબર પર મોકલવાની રહેશે. જેના માટેનો વોટ્સએપ નં. ૯૦૨૩૦૦૫૬૦૦ છે. આમ, મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહન મળી રહે તે માટે આ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ સેલ્ફી તસવીર પરિવારજનો કે મિત્ર વર્તુળ સાથે મતદાન કરીને મોકલવાની રહેશે. પરંતુ એવું પણ નથી કે, માત્ર સમુહમાં લીધેલ તસવીર -સેલ્ફી મોકલવી, વ્યક્તિગત રીતે પણ સેલ્ફી મોકલી શકાશે.

કલેકટર જણાવે છે કે, મતદાન મથક અંદર મોબાઈલ લઈ જવો પ્રતિબંધિત છે, એટલે મતદાન મથકની બહાર આવી સેલ્ફી તસવીર લેવાની રહેશે. આ માટે જરૂરી કાળજી લેવા અનુરોધ કર્યો છે.

આમ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરએ મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા વધુ એક નવીન પહેલ કરી છે.

# Happy BirthDay



**પુનિત શર્મા**

**જૂનાગઢમાં ભારતીય જનતા પાર્ટી શહેર પ્રમુખ, વોર્ડ ન. 12ના કોર્પોરેટર અને CREDAI જૂનાગઢના પ્રમુખ પુનિત શર્મા નો આજે જન્મદિવસ. સિટી કવરેજ પુનિત શર્મા ને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવે છે.**

# કચરા ગાડી શહેરમાં કચરો કરે છે...



જૂનાગઢ શહેરમાં કચરા ગાડી જ્યાં જ્યાં થી પસાર થાય છે ત્યાં ત્યાં રસ્તાઓ ઉપર કચરો નાખતી જાય છે. કેમકે ઉપર ઢાંકવા માટે કોઈ રોકવા કે ટોકવા વાળું નથી. આજે બપોરે મજેવડી દરવાજા થી રેલ્વે સ્ટેશન તરફ ખુલ્લો કચરો ગાડી માંથી ઉડતો હતો. ફોટોઃ મિલાપ અગ્રાવત



**મેંદરડાઃ** ક્રિષ્ના નગર સોસાયટીની કૃષ્ણ સત્સંગ મહિલા મંડળની બહેનો કિર્તિ બેન ઢેબરીયા, મધુબેન ખુંટ, ગીતાબેન અમીપરા, કાજલબેન સાકરીયા, રસીલાબેન સાકરીયા, નર્મદાબેન અમીપરા, વિજયાબેન સાકરીયા, પ્રજ્ઞા બેન ખુંટ, સાયલ અમીપરા, કાન્તાબેન ઢેબરિયા, પ્રભા બેન પાનસુરીયા, કુંવરબેન દુધાત્રા, જાનવી, કિંજલ, ગ્રીસા વગેરે બહેનો દ્વારા ઉનાળાની કાળઝલ ગરમી માં ગાય માતા માટે જાત મહેનતથી અને સ્વ ખર્ચે નિરાધાર ગાયો માટે 40 કિલો ઘંઉ ,તેલ અને ગોળ ના લાડુ બનાવી ને સેવા નુ ઉમદા કાર્ય કર્યુ આ બહેનો દ્વારા રોજ સત્સંગ કરવા માં આવે છે અને વિવિધ સેવાકીય કાર્ય કરવા માં આવે છે.

# રેલ્વે લોકો પાયલોટે 5 સિંહોના ટોળાને ટ્રેનની અડફેટે આવતા બચાવ્યો

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

ભાવનગર રેલ્વે મંડલ સિંહો/ વન્યજીવોના સુરક્ષા માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડલના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઇલોટ નિર્ધારિત ગતિનું પાલન કરે છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર ડિવિઝનના



સીનીયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ, 04 મે, 2024 (શનિવાર) ના રોજ, લોકો પાઇલટ દલપત બેનીવાલ, માલ સામાન ટ્રેન નંબર PRTK-PPSP પર કામ કરતી વખતે, સવારે લગભગ 05:15 વાગ્યે, લીલીયા મોટા - સાવરકુંડલા સેક્શન વચ્ચે, કિ.મી. નંબર 48/7-8 પર જોયું કે 02 સિંહ અને 01 શાવક (સિંહના બચ્ચા) ટ્રેક પર ઉભા છે અને 02 વધુ શાવક ટ્રેકની નજીક ઉભા છે, જેને જોઈને લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેનને લગભગ 50-100 મીટર જેટલી દૂરી પર રોકીને 05 સિંહોના જીવ બચાવ્યા હતા.

ઘટનાસ્થળ પર ટ્રેન 15 મિનિટ મોડી પડી હતી. ઘટનાસ્થળ પર કોઈ ફોરેસ્ટ ગાર્ડ હાજર ન હતો, છતાં લોકો પાયલટે ટ્રેન રોકીને સિંહોને બચાવ્યા હતા. સિંહોએ પાટા ઓળંગ્યા પછી, ટ્રેનને ઘટનાસ્થળ પરથી લોકો પાયલોટ દ્વારા ગંતવ્ય સ્ટેશન તરફ લઈ જવામાં આવી હતી. આ માહિતી લોકો પાયલોટે ડિવિઝનલ ઓફિસ કંટ્રોલને આપી હતી. માહિતી મળતાં, લોકો પાઈલટ દલપત બેનીવાલને ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર દ્વારા આ પ્રશંસનીય કાર્ય માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# પેન્શનરોને હવે ‘ભવિષ્ય’ પોર્ટલથી પેન્શન અંગે બધી જાણકારી ઓનલાઈન મળી જશે

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

નવી દિલ્હી. કેન્દ્ર સરકારે સરકારી પેન્શનરોની મદદ માટે ઓનલાઈન પોર્ટલ ‘ભવિષ્ય’ લોન્ચ કર્યું છે. આ પોર્ટલની મદદથી પેન્શનર ઘેર બેઠા જ પોતાના માસિક પેન્શનની સ્લીપ જોઈ શકે છે. જીવન પ્રમાણપત્રનું સ્ટેટસ તપાસી શકે છે અને ફોર્મ-16 પણ જમા કરાવી શકે છે.

પાંચ બેન્કો સાથે જોડાયું: સરકારના પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગે બેન્ક ઓફ ઈન્ડીયા સાથે મળીને આ પોર્ટલને લોન્ચ કરી છે એની સાથે પાંચ બેન્કોને પણ જોડવામાં આવી છે.

હવે બેન્ક ઓફ ઈન્ડીયા, ભારતીય સ્ટેટ બેન્ક (એસબીઆઈ), બેન્ક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેન્ક (પીએનબી) અને કેનરા બેંકથી પેન્શન મેળવી રહેલા કેન્દ્ર સરકારના પેન્શનર્સ આ પોર્ટલનો ઉપયોગ કરી શકે છે. સરકારની યોજના ભવિષ્યમાં બધી પેન્શન વિતરીત કરતી બેન્કોને આ પોર્ટલ સાથે જોડવાની છે.




આ ફાયદા થશે: પેન્શન કોષની બાકી રકમની જાણકારી તુરંત મળશે. સેવા નિવૃત કર્મીઓના પેન્શન સાથે જોડાયેલા બધા દસ્તાવેજ આ પોર્ટલ પર મોજૂદ રહેશે. પેન્શનના વિતરણને લગતી બધી જાણકારી પણ ઉપલબ્ધ થશે. ‘ભવિષ્ય’ પોર્ટલના માધ્યમથી પેન્શન આપનાર બેન્કને પણ બદલી શકાશે.

બધા કામ ઓનલાઈન થશે: ભવિષ્ય પોર્ટલની મદદથી પેન્શન શરૂ કરવાની પ્રક્રિયા અને પેમેન્ટ પુરી રીતે ડિઝીટલ થઈ જશે. પેન્શન પેમેન્ટ આદેશ હવે ડિઝીટલરૂપે ઈસ્યુ કરાશે અને તેને ડિઝી લોકરમાં સુરક્ષિત રખાશે. પેન્શનર જરૂરી દસ્તાવેજ ઓનલાઈન જમા કરાવી શકે છે.

આ દસ્તાવેજો જરૂરી: આધારકાર્ડ, જન્મ પ્રમાણપત્ર, નિવાસ પ્રમાણપત્ર, આવક પ્રમાણપત્ર, બેન્ક ખાતા વિવરણ, પાસપોર્ટ સાઈઝ ફોટો, ઈ-મેલ, પાનકાર્ડ, ફોન નંબર.

# આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવે ગિરનારી ગ્રુપને 1000 ફૂલ સ્કેપ નોટબુકો કરી અર્પણ

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા ચાલી રહેલ પુસ્તક સેવા યજ્ઞ - 2024માં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે આસ્થા હોસ્પિટલના ડૉ. ચિંતન યાદવ દ્વારા 1000 ફૂલ સ્કેપ નોટબુક આપવામાં આવી હતી. વિદ્યાના દાનથી સંપૂર્ણ પરિવાર સમૃદ્ધ થઈ શકે એવા વિચાર સાથે ધોરણ 01 થી 12 ના વિદ્યાર્થીઓ માટે ગિરનારી ગ્રુપ દ્વારા ચાલી રહેલ પુસ્તક સેવા યજ્ઞ - 2024માં એક જ વાલી હોય અથવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો સર્વે કરીને એમને વિનામૂલ્યે જુના પાઠ્ય પુસ્તકો તથા ફૂલ સ્કેપ નોટબુકનું વિતરણ કરવાનું આયોજન જુનાગઢ શહેર પૂરતું જ કરવામાં આવેલું છે. આ આયોજનમાં દાતાઓના બાળકોએ અભ્યાસ પૂર્ણ કરી લીધો હોય અને તેમના જુના પુસ્તકો ગિરનારી ગ્રુપને અર્પણ કરીને એ પાઠ્ય પુસ્તકો જરૂરીયાતમંદ વિદ્યાર્થીને પહોંચતા કરવા માટેના અભિયાનમાં પોતાનું યોગદાન આપતા હોય છે. આ પુસ્તક સેવા યજ્ઞમાં જૂનાગઢની આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ દ્વારા 1000 ફુલ સ્કેપ નોટબુકનું યોગદાન આપવામાં આવ્યું હતું. ડો.ચિંતન યાદવની આ સેવા બદલ ગિરનારી ગ્રુપ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સેવા કાર્યમાં ગિરનારી ગ્રુપના સભ્યઓ સમીરભાઈ દવે, નરેન્દ્રસિંહ ચુડાસમા, કીર્તિભાઈ પોપટ, દેવાંગ પંડ્યા, લલિત ગેરીયા, ભાર્ગવ દેવમુરારી, સંજય મહેતા, સંજય વાઢેર, અરશીભાઈ રામ, દિનેશભાઈ રામાણી સહિતના લોકોએ પોતાની સેવા આપી હતી તેમ ગિરનારી ગ્રુપના સમીર દતાણી તથા સંજય બુહેચાએ જણાવેલ હતું.



# વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા સોનાની ખરીદીમાં RBI અગ્રણી, હોલ્ડિંગ 31 ટકા વધાર્યું

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in

વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓના વાદળો વચ્ચે વિશ્વભરની વિવિધ સેન્ટ્રલ બેન્કો દ્વારા માર્ચ માસમાં સોનાની ખરીદી વધારવામાં આવી હતી. જેમાં સૌથી વધુ સોનાની 60 ટકા ખરીદી ભારત અને ચીનની સેન્ટ્રલ બેન્કે કરી છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના આંકડાઓ અનુસાર, માર્ચ માસમાં વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા કુલ નેટ 16 ટન ગોલ્ડ ખરીદવામાં આવ્યું હતું. સોનાની માગ વધતાં સોનાની આગઝરતી તેજી વચ્ચે સોનાની ગ્રોસ ખરીદી 40 ટન થઈ હતી. જો કે, પ્રોફિટ બુકિંગના ભાગરૂપે 25 ટન સોનુ માર્કેટમાં ઓફલોડ કરવામાં આવ્યું હતું. જેમાં આરબીઆઈએ 31 ટકા (5 ટન) સોનાની ખરીદી કરી હતી.

ભારતમાં RBIનું ગોલ્ડ હોલ્ડિંગ વર્ષની શરૂઆતમાં 18.5 ટનના નેટ એક્વિઝિશન સાથે એપ્રિલની શરૂઆતમાં 822.1 ટનની રેકોર્ડ ટોચે પહોંચ્યું હતું. RBIનું નેટ ગોલ્ડ બાયિંગ 2023ની નેટ ખરીદી (16.2 ટન) સામે 2024માં અત્યારસુધીમાં જ વધી ચૂક્યું છે. એપ્રિલમાં કુલ રિઝર્વ્સમાં ગોલ્ડનો હિસ્સો 2023ના અંતે 7.7 ટકા સામે વધી 8.4 ટકા થયો છે. વિશ્વભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા સોનાની ખરીદીમાં ઉભરતા બજારોએ મોટાપાયે ખરીદી નોંધાવી છે. તુર્કીની સેન્ટ્રલ બેન્કે તેની રિઝર્વ્સમાં 14 ટન ગોલ્ડ ઉમેર્યું છે. પીપલ્સ બેન્ક ઓફ ચાઈનાએ 5 ટન ગોલ્ડ, કઝાકિસ્તાન અને સિંગાપોરની બેન્કોએ તેમના હોલ્ડિંગ્સમાં 4 ટન ગોલ્ડ ઉમેર્યું છે. જ્યારે રશિયાએ 3 ટન ગોલ્ડ રિઝર્વ્સ વધારી છે.

આર્થિક અનિશ્ચતતાઓ સામે હેજ તેમજ તેજીના માહોલમાં નીચા મથાળે ખરીદી કરવાના ભાગરૂપે વિવિધ સેન્ટ્રલ બેન્કો દ્વારા ગોલ્ડ રિઝર્વ્સ વધારવામાં આવી છે. માર્કેટની વોલેટિલિટી તથા ફુગાવાના દબાણમાં સોનુ સેફ હેવન એસેટ અર્થાત સુરક્ષિત રોકાણ સંપત્તિ ગણાય છે. વૈશ્વિક સ્તરે સોનાની માગ ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં 3 ટકા વધી 1238 ટન થઈ છે. જે 2026 બાદથી સૌથી વધુ હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ રિપોર્ટ પરથી જાણવા મળ્યું છે.

# સુરત ક્રાઈમ બ્રાન્ચે નુપુર શર્મા સહિત હિન્દુ નેતાઓની હત્યાનું કાવતરું નિષ્ફળ બનાવ્યું, કટ્ટરપંથી મૌલવીને દબોચ્યો

સિટી કવરેજ ટીમ ડિજિટલ
citycoverage.in



હિન્દુ સનાતન સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિત અન્ય હિન્દુ નેતાઓને પાકિસ્તાન, નેપાળ તેમજ અન્ય દેશના કટ્ટરપંથીઓ સાથે મળીને જાનથી મારી નાંખવાની ધમકી આપનાર મૌલવીની સુરત ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે ચોકબજાર સ્થિત ભરીમાતા ફૂલવાડી પાસેથી મહોમદ સોહેલ ઉર્ફે મૌલવી અબુબકર ટીમોલ (27)ને ઝડપી પાડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં, મૌલવી સુરત જિલ્લાના કઠોરગામમાં આવેલ મદ્રેસામાં હાફીઝ અને આલીમ બનેલ છે. જ્યારે કઠોર-અંબોલી ગામમાં મુસ્લિમ બાળકોને ઈસ્લામ ધર્મનું ટ્યૂશન ચલાવે છે. આ ઉપરાંત તે લસકાણા ડાયમંડ નગર ખાતે ધાગા ફેક્ટરીમાં મેનેજર તરીકે પણ ફરજ બજાવે છે.

મૌલવીની પાસેથી મળી આવેલા મોબાઈલની તપાસ હાથ ધરતા તે દોઢ વર્ષથી પાકિસ્તાનના એક મોબાઈલ નંબર ધારક ડોગર તેમજ નેપાળના શહેનાઝ નામના ઈસમો સાથે સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં હતો. જેમણે ભારતમાં હિન્દુવાદી સંગઠનો દ્વારા નબીની ગુસ્તાખી કરતાં લોકોને સીધા કરવાની જરૂર હોવાથી તેમને ધમકી આપવા માટે મૌલવીને જણાવ્યું હતુ.

આ માટે પોતાની ઓળખ છતી ના થાય તે માટે લાઓસ દેશનું ઈન્ટરનેશનલ સીમ પણ ગેરકાયદેસર મેળવીને તેના પર વોટ્સએપમાં બિઝનેસ નંબર એક્ટિવ કરાવીને તેના થકી હિન્દુવાદી નેતાઓ ઉપદેશ રાણા, હૈદરાબાદના હિન્દુવાદી નેતા રાજાસિંહ, સુદર્શન ન્યૂઝ ચેનલના એડિટર ઈન ચીફ સુરેશ ચવ્હાણ અને નુપુર શર્માને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનું કાવતરૂં ઘડ્યું હતુ.

વધુમાં આરોપી મહમદ સોહેલ ઉર્ફે મૌલવીએ કાવતરાના ભાગરૂપે ગેરકાયદેસર રીતે મેળવેલા લાઓસ દેશના વોટ્સઅપ નંબરથી હિંદુ ધર્મ વિરુદ્ધ ઉશ્કેરણીના ઉચ્ચારણો લખી ઉપદેશ રાણાને અવાર નવાર કમલેશ તિવારીની જેમ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેમના ગ્રુપના એક સભ્યને ઉપદેશ રાણાનો ફોટો પણ મોકલી ઉપદેશ રાણાની હત્યા કરવા માટે 1 કરોડમાં સોપારી આપ્યા હોવાનું જણાવ્યું હતુ.

આરોપી મહમદ સોહેલ ઉર્ફે મૌલવી બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવવાના ઈરાદે પોતાના ગ્રુપમાં સોશિયલ મીડિયાના માધ્યમથી ભારત દેશના રાષ્ટ્ર ધ્વજના ફોટામાં ચેડા કરી તેમજ હિંદુ ધર્મ બાબતે કરેલ પોસ્ટ કે વીડિયો ઉપર અભદ્ર કમેન્ટ કરી હતી.

6 ડિસેમ્બર બ્લેક ડે અંગેના કોમેન્ટના ફોટોઓ તથા હિંદુ દેવી દેવતાઓના ચિત્રોને બીભત્સ રીતે મોર્ફ કરી સોશિયલ મીડિયાના પોતાના ગ્રુપમાં પોસ્ટ કરી ખોટો ઈલેક્ટ્રોનિક રેકર્ડ ઉભો કરી વિદેશી હેન્ડલર પાસેથી હથિયારો મંગાવેલા તેમજ પાકિસ્તામાં વિયેતનામ, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, લાઓસ વિગેરે અલગ અલગ દેશના કોડવાળા વોટ્સએપ નંબરના ધારકો સાથે સંર્પકમાં હોવાનું જણાઈ આવ્યું છે. આ મામલે સુરત ક્રાઈમ બ્રાંચ દ્વારા હાલ ગુનો નોંધી મૌલવીની ધરપકડ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ડુંગળી પરનો નિકાસ પ્રતિબંધ દુર 40% નિકાસ ડયુટી લાગશે

સિટી કવરેજ ટીમ ડિજિટલ

citycoverage.in

નવી દિલ્હીઃ દેશમાં ડુંગળીના ભાવ વધતા લાદવામાં આવેલી નિકાસબંધી ઉઠાવી લેવામાં આવી છે પણ સાથોસાથ નિકાસ પર 40% નિકાસ જકાત પણ લાદવામાં આવી છે અને વ્યાપારી વર્ગ માટે નિકાસ માટે લઘુતમ ભાવ નિશ્ચિત કર્યા છે અને 550 ડોલર પ્રતિ ટનના ભાવથી ઓછા ભાવમાં નિકાસ કરી શકાશે નહી.

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં ડુંગળી ઉત્પાદન ક્ષેત્રમાં હવે મતદાન યોજાવાનું છે અને આ નિકાસબંધી ઉઠાવી લેવાથી વિદેશમાં ડુંગળીની નિકાસ થઈ શકશે જેમાં ઉંચા ભાવ નિશ્ચિત કરાયા છે પણ તેના કારણે ઘરઆંગણે ડુંગળીના ભાવમાં વધારો થશે.

મહારાષ્ટ્રના ખેડુતોમાં નિકાસ બંધી અને છૂટની રમતમાં તેના ઉત્પાદનોના યોગ્ય ભાવ મેળવી શકાતા નથી. ડુંગળીએ દેશના રાજકારણમાં અનેક વખત વિલનની ભૂમિકા પણ ભજવે છે. 1940માં ચુંટણીને ઈન્દીરા ગાંધીએ ડુંગળી ઈલેકશન તરીકે ગણાવી હતી અને ડુંગળીના



ભાવમાં કિલોએ રૂ.6નો વધારો થતા તે મુદો ઉઠાવી ઈન્દીરાએ જીત મેળવી હતી.

# લો બોલો, રાહુલ ગાંધી પાસે ન કાર, ન મકાન, 49 લાખની લોન અને દેશના વિવિધ રાજ્યોમાં 18 કેસ

સિટી કવરેજ ટીમ ડિજિટલ

citycoverage.in

રાયબરેલી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે રાયબરેલીથી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. નોમિનેશન ફાઈલ કરતી વખતે તેણે પોતાના સોગંદનામામાં 20 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે. જેમાં 4.2 લાખ રૂપિયાનું સોનું પણ સામેલ છે. જોકે, તેણે કહ્યું છે કે તેની પાસે ન તો પોતાનું ઘર છે કે ન તો કાર.

રાહુલ ગાંધીએ 9,24,59,264 રૂપિયાની જંગમ સંપત્તિ જાહેર કરી છે, જેમાં રૂ. 4,33,60,519ના શેર, રૂ. 26,25,157નું બેંક બેલેન્સ, રૂ. 3,81,33,572ના મૂલ્યના મ્યુચ્યુઅલ ફંડ અને રૂ. 15,21,740નું ગોલ્ડ બોન્ડ સામેલ છે. કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખે 11,15,02,598 રૂપિયાની વર્તમાન બજાર કિંમત સાથે સ્થાવર સંપત્તિ જાહેર કરી છે. તેમાં હાલમાં રૂ. 9,04,89,000ની કિંમતની સ્વ-અધિગ્રહિત અસ્કયામતો અને રૂ. 2,10,13,598ની વારસામાં મળેલી સંપત્તિનો સમાવેશ થાય છે.

જોકે રાહુલ ગાંધી પાસે કોઈ રહેણાંક એપાર્ટમેન્ટ નથી. કોંગ્રેસના નેતાએ જાહેર કર્યું છે કે તેમની પાસે 55,000 રૂપિયા રોકડા છે. તે જ સમયે, તેની પાસે 333.3 ગ્રામ સોનું અને 4,20,850 રૂપિયા (શુદ્ધ સોનું 168.8 ગ્રામ)ની કિંમતના ઘરેણાં છે.

**રાહુલ ગાંધી પાસે કોઈ કાર નથી**

ગાંધીએ દાવો કર્યો છે કે તેમની પાસે કોઈ મોટર કાર કે અન્ય વાહન નથી, પરંતુ તેમની ઉપર 49,79,184 રૂપિયાની જવાબદારી એટલે કે લોન છે. સ્થાવર મિલકતોમાં ગામ સુલતાનપુર, મહેરૌલી, નવી દિલ્હીમાં આશરે 3.778 એકર ખેતીની જમીન, તેની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે સંયુક્ત રીતે માલિકીની ગુરુગ્રામમાં સિગ્નેચર ટાવર્સમાં 5,838 ચોરસ ફૂટ કોમર્શિયલ એપાર્ટમેન્ટ્સ (ઓફિસ સ્પેસ) નો સમાવેશ થાય છે.

વર્તમાન બજાર કિંમતે, બંને કોમર્શિયલ એપાર્ટમેન્ટની કિંમત અંદાજે રૂ. 9.05 કરોડ છે. તેમણે જાહેર કર્યું છે કે તેમની આવકના સ્ત્રોતો સાંસદનો પગાર, રોયલ્ટી, ભાડું, બોન્ડ્સનું વ્યાજ, ડિવિડન્ડ અને મ્યુચ્યુઅલ ફંડમાંથી મૂડી લાભ છે. તેણે 2022-23 માટે તેની કુલ આવક 1,02,78,680 રૂપિયા જાહેર કરી છે, જ્યારે 2021-22માં તે 1,31,04,970 રૂપિયા હતી.

તેમના નામાંકન પત્રો અનુસાર, ગાંધીએ કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કોલેજમાંથી એમફિલની ડિગ્રી મેળવી છે. તેની પાસે રોલિન્સ કોલેજ, ફ્લોરિડામાં બેચલર ઓફ આર્ટસની ડિગ્રી પણ છે. કોંગ્રેસ નેતાએ જાહેરાત કરી છે કે દેશભરના વિવિધ રાજ્યોમાં તેમની વિરુદ્ધ 18 કેસ નોંધાયા છે.

**CITY COVERAGE, RNI No. GUJGUJ/2021/84900, RNI TITLE CODE NO. GUJGUJ17738, Owner, Printer, Publisher and Editor : Anita Suresh Trivedi, 302, Aditya Residency, Jalaram Nagar, Zanzarda Road, Junagadh. 362001 Printed at : Sagar Printers, Rameshwer Society, B/H Ayurvedik Pharmacy, Joshipara, Junagadh. Place Of Publication : 11 Marriot Plaza, Opp. Gayatri School, Zanzarda Road, Junagadh.**

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ** | ઉચ્ચસ્થ ગુરુ વાળા જાતકો આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન સર્વિસ બિઝનેસના જાતકો માટે આ ભાગદોડ વાળુ તથા લાભકર્તા નીવડશે. વહીવટ વ્યવહારમાં કાળજી રાખવી. સરકારી વિદ્યાલય તેમજ ખાનગી વિદ્યાલયના શિક્ષકો, કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ઔદ્યોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે ઉતમ સપ્તાહ. ૧૦ મે મધ્યમ રહેશે.

**વૃષભ** | આ સપ્તાહ દરમ્યાન અનેક જગ્યાએથી હકારાત્મક તથા ફાયદાકરક ધંધાકીય તેમ ઔદ્યોગિક કામકાજ મળવાના સંયોગો. ઉદ્યોગ ધંધાના નવા કામકાજની શરૂઆત માટે આ સપ્તાહ યોગ્ય નીવડશે સાથોસાથ સરકારી કામકાજ જેવા કે દસ્તાવેજી કાર્ય માટેનું આ સપ્તાહ સાનુકુળ નીવડશે. હેવી & હ્યુજ મશીનરીના ઉદ્યોગ તથા વ્યાપાર નાં જાતકો માટે આ સપ્તાહ અતિ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારી તથા સુરક્ષા કર્મીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. મિત્રો સાથે મતભેદ થવાના સંયોગો. વિજ્ઞાન શાખાના પ્રોફેસર્સ, શિક્ષકો તેમજ વિદ્યાર્થી, તથા ગૃહિણી, મહિલા કર્મી, નિવૃત્ત માટે આ સપ્તાહ શ્રેષ્ઠ જણાશે. ૭ મે સામાન્ય નીવડશે.

**મિથુન** | લલિત કલા એવમ કારીગરી/ક્રાફટ એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. કાયદો-વ્યવસ્થા વિભાગના ઉચ્ચાધિકારીઓ, સમેત કર્મચારીઓ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ અને શ્રેયકર નીવડશે. કન્સલ્ટન્સી તેમજ સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ અતિ સાનુકૂળ જણાશે. વ્યાપાર વણિજ તથા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્રો, સગા સ્નેહીઓ તરફ સાથ સહકાર મળવાની સંભાવનાઓ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારક રહેશે. ફકત ૧૧ મેનો દિવસ જ સાધારણ રહેશે.

**કર્ક** | ફ્રોઝન આહાર, કેનિંગ, પેકીંગ ફૂડસ એવમ શાકભાજી તથા ફાસ્ટ ફૂડ એકમના જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. પ્રવાહી જ્વલનશીલ ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહે અણધાર્યા લાભ થવાના સંયોગો, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મચારી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સારું રહેશે. ૮ મે સામાન્ય રહેશે.

**સિંહ** | આ સપ્તાહે, પિત્ત ગુણ ધરાવતા જાતકોએ આરોગ્ય પ્રતિ સંભાળ રાખવી. કોમોડીટી, શેર બજાર તથા સટ્ટા બજારના જાતકો માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો તથા જથ્થાબંધ વાણિજ્યના એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ એવમ ભાગ દોડ વાળું નીવડશે. સાથે ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો મળવાના સંયોગો. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે, સાથો સાથો પ્રમોશન મળવાના પણ સંયોગો છે. સગા, કુટુંબી સાથે સુમેળ સધાશે, તેમજ સાથ સહકાર પણ મળશે. વિદ્યાર્થી, મહિલા કર્મચારી/ કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. ૧૦ -૧૧ મે સાધારણ જણાશે.

**કન્યા** | આ સપ્તાહે આવેગ અને ઉતાવળ પર કાબુ રાખવો. અન્યથા, નુકસાન થવાના સંયોગો. આ સપ્તાહ દરમિયાન ખાનગી તેમજ સરકારી નોકરીયાત વર્ગ માટે, હળવી હળવી તકલીફો જણાશે. આ સપ્તાહ દરમિયાન પરિવારમાં મોસાળ તથા સાસરા પક્ષે હળવા ખટરાગ કે મનદુઃખ થવાની સંભાવનાઓ. વાહન હંકારવામાં કાળજી રાખવી. નાનાં નાનાં ઔદ્યોગિક એકમના જાતકો તથા વ્યાપાર-વાણિજ્યના તમામ એકમો ના જાતકો માટે આ સપ્તાહ અર્ધ-સાધારણ જણાશે. હેવી વ્હીકલ ના એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી એવમ ખાનગી શૈક્ષણિક એકમના જાતકો માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. ૬, ૯ મે સાધારણ રહેશે.

**તુલા** | આ સપ્તાહ દરમ્યાન સખત પરિશ્રમ થવાંનાં સંયોગો. અગાઉ બોલીને બગડી ગયેલા સંબંધો સુધરી જવાના સંયોગો. નિષ્ઠાવાન અધિકારી/ કર્મચારી માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું ચડાવઉતાર વાળુ જણાશે. ખાનગી એકાઉન્ટ, મેનેજમેન્ટ ફર્મ્સ તથા પ્રિન્ટ અને પબ્લિકેશન્સ એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું રહેશે. ટ્રાવેલ્સ તથા ટ્રાન્સ્પોર્ટેશન્સના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. બહારી સંબંધોમાં સાચવવું. પરિવારમાં સાથ સહકાર અકબંધ રહેશે. ગૃહિણી, તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે લાભદાયી સપ્તાહ. ૮ તથા ૯ મે મધ્યમ જણાશે.

**વૃશ્ચિક** | ફેશન તેમજ ફેબ્રીક તથા શૃંગાર કોસ્મેટીકનાં ઉદ્યોગ ધંધા સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. અન્ય, ઉદ્યોગ ધંધા વ્યવસાયમાં આકસ્મિક લાભ થવાના સંયોગો સર્જાય છે. ઔદ્યોગિક એકમના જાતકો તથા વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ અને લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના તમામ શ્રેણીના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવાં સંઘર્ષ વાળુ પરંતુ સાથોસાથ લાભકારક નીવડશે. કૌટુંબિક તેમજ પારિવારિક સુખ, શાંતિ તથા સુમેળ વધારે ને વધારે પ્રગાઢ થવાના સંયોગો. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. ૧૦ તથા ૧૧ મે મધ્યમ નીવડશે..

**ધન** | પેરા મેડીકલ એવમ મેડીકલ, રસાયણ તથા ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રે હળવા ચડાવ ઉતાર આવવાની સંભાવના તથા કોઈ વિવાદ થવાની સંભાવના. હોટેલ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝ માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. આ સિવાયનાં અન્ય ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી નીવડશે. કમીશન ગ્રેઈન મર્ચન્ટ, જથ્થાબંધ તથા છૂટક વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતકો માટે મંદીનો હળવો માહોલ જોવા મળશે. નાનાં વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. ૬, ૯ મે સામાન્ય રહેશે.

**મકર** | ખાનગી ફાયનાંસ એકમ તેમજ ખાનગી એકાઉન્ટન્સી એકમ તથા મેનેજમેન્ટ એકમ સાથે જોડાયેલ તમામ શ્રેણીના જાતકો માટે આ સપ્તાહ સામાન્ય નીવડશે. ઈવેંટ મેનેજમેંટ તથા કેટરીંગ સર્વિસીઝના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. નાનાં ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ લાભકારી સપ્તાહ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળું રહેશે. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયી રહેશે. અર્ધ સરકારી તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું રહેશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૭ તથા ૮ મે સરેરાશ રહેશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

**કુંભ** | આ સપ્તાહે, ધંધા વ્યવસાય હેતું ભાગદોડ તથા હળવી પ્રતિકૂળતા રહેવાની સંભાવના. જાહેર ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંકળાયેલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. કમીશન મર્ચન્ટ અને બ્રોકર્સ માટે ચડાવ ઉતાર વાળું સપ્તાહ. ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાધારણ નીવડશે. વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ ચડાવ ઉતાર સાથે લાભકારી નીવડશે. રાજકીય તથા જાહેર ક્ષેત્રનાં જાતકો માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે, સાથે વાદ વિવાદથી દૂર રહેવું. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારી જણાશે. નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૬, ૭ મે અર્ધ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

**મીન** | આ સપ્તાહ માટે કોઈ પણ પ્રકારનાં સટ્ટા, જુગાર, કડા કુડી, ગાળીયાઓથી તથા શેરબજારથી દૂર રહેવું. આ સપ્તાહે વણસી ગયેલા જૂના સંબંધો સુધરી જવાંનાં સંયોગો. કોસ્મેટીક ઉદ્યોગ-ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. આ સિવાય અન્ય ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું ચડાવઉતાર વાળુ જણાશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ હળવી દોડધામ સાથે લાભદાયી જણાશે. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, સંતાનો, છાત્રો માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. ૧૦ મે સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

પં. ડો. હિતેષ એ. મોઢા | જ્યોતિષ-વાસ્તુ તજજ્ઞ, ત્રીપલ ગોલ્ડ મેડાલીસ્ટ / ૧૦૧ R.D. ચેમ્બર્સ છાયા ચોકી પોરબંદર



SWAMINARAYAN GURUKUL RAJKOT SANSTHAN
SHREE SWAMINARAYAN
GURUKUL
INTERNATIONAL SCHOOL
~ GYANBAG-JUNAGADH ~
LET THEM
Explore
THEIR LITTLE WORLD
ON THEIR OWN
Std. 1 to 10
CBSE (Affiliation No. 430176 )
Std. 5 to 12
GSEB (Gujarati Medium) Hostel School
D & T Lab
Green School
Maths Lab
Int. Playgrounds
E-Class
Laptop Lab
Science Lab
Library
Swimming Pool
Transportation
GET IN TOUCH
+91 90 999 72 201
Everything You Need
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જ્ઞાનબાગ, રાજકોટ હાઈવે, સાબલપુર – જૂનાગઢ
gyanbaginfo@gmail.com
www.gyanbag.org



ધો. ૧૨ પછી
શું તમારે
CA
બનવું છે?
ADMISSION OPEN
નવી બેચ ધો. ૧૨ ના
રીઝલ્ટ પછી તુરંત શરુ...
J.K. SHAH®
CLASSES
After 12th Join Rank 1 Course CA
પેરી પ્લાઝા, ઝાંઝરડા રોડ, જૂનાગઢ. ૯૯૦૫૩ ૫૦૦૦૦



શ્રેષ્ઠ કારકિર્દીના 'કર્મયુદ્ધ'માં...
બનાવો આપનાં ચિરંજીવીને 'જીનિયસ'..!
Make Your Child GENIUS..!
જીનિયસ પબ્લિક સ્કૂલ
નર્સરીથી ધોરણ 12 (સાયન્સ-કોમર્સ), English તેમજ ગુજરાતી માધ્યમની સંપૂર્ણ સ્કૂલ
ખલીલપુર મેઈન રોડ, જોષીપુરા, જૂનાગઢ 95120 19993
ADLAB : 9409528500

# જૂનાગઢમાં શ્રેષ્ઠ કન્યા છાત્રાલય

**Admission OPEN**



દીકરીઓની
સમજ સાથેની
સુરક્ષા પ્રેમ સાથે
જીવન વિકાસનું
શિક્ષણ...



## સ્કૂલમાં ભણતર.. હોસ્ટેલમાં ઘડતર...

બેસ્ટ એજ્યુકેશન | ડે-સ્કૂલ | ૧૦૦% પરિણામ

## સ્કૂલ-ગર્લ્સ હોસ્ટેલ એકજ કેમ્પસમાં

શ્રેષ્ઠ સુરક્ષા | શ્રેષ્ઠ સલામતી | શ્રેષ્ઠ ભોજન

શ્રેષ્ઠ સંસ્કાર | શ્રેષ્ઠ સ્વચ્છતા | શ્રેષ્ઠ આરોગ્ય

દીકરીઓ તથા દિકરાઓ માટે અલગ-અલગ હોસ્ટેલની સુવિધા




જૂનાગઢના વિદ્યાર્થીઓ માટે વાહન વ્યવસ્થા

સ્કૂલમાં પણ દીકરીઓ માટે ધોરણ ૮ થી ૧૨ માં અલગ વર્ગખંડો

વધુ વિગત માટે વોટ્સએપ દ્વારા માહિતી મેળવો...

**94288 87977**

ગુજરાતી માધ્યમ : 94296 75222
અંગ્રેજી માધ્યમ : 76000 83939



# શ્રી પ્રેમાનંદ સ્કૂલ

ગુજરાતી માધ્યમ | અંગ્રેજી માધ્યમ

KG થી ધો. 12 (સાયન્સ, કોમર્સ, આર્ટસ)



બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ.




## ડાયરેક્ટ તમારા મોબાઈલમાં મેળવવું છે સિટી કવરેજ

### લિંક પર ટચ કરીને અમારી સાથે જોડાઓ

https://chat.whatsapp.com/IGOfWm20a4zEqKr9afhtba